| **Headline:** Investing in gold Through Sovereign Gold Bond | |
|---|---|
| **Source:** Gujarat Samachar | **Date:** 5 September 2016 |

# સોવરિન ગોલ્ડ બોન્ડમાં રોકાણથી થતા વિવિધ લાભો



વર્ષોથી સોનુ રોકાણ માટે અત્યંત અનુકૂળ પ્રોડક્ટ રહ્યું છે. ઘણાં લોકો ભાવ વધારા અને ચલણના મૂલ્યની વધઘટ સામે સોનાને નેચરલ હેજ ગણે છે. ભારતીય પરિવારો માટે સોનાની મહત્વતાને ધ્યાનમાં રાખીને ભારત સરકારે વર્ષ ૨૦૧૫ના અંદાજપત્રમાં સોવરિન ગોલ્ડ બોન્ડસ (એસજીબી) લોન્ચ કરવાની દરખાસ્ત કરી હતી. તેમાં થોડાં ઘણાં સુધારા સાથે તાજેતરમાં સ્કીમની પાંચમી આવૃત્તિ સબસ્ક્રિપ્શન માટે ખુલ્લી છે અને તે ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ બંધ થશે. ઈશ્યૂ પ્રાઈઝ ઉપર ભારત સરકારે વ્યાજદર ૨.૭૫ ટકા નક્કી કર્યો છે અને તેને અર્ધવાર્ષિક ધોરણે ચૂકવવામાં આવે છે. ઈશ્યૂ પ્રાઈઝ ગ્રામદીઠ રૂ. ૩૧૫૦ છે. કોઈપણ વ્યક્તિ પ્રત્યેક નાણાકીય વર્ષમાં ૫૦૦ ગ્રામ સુધીની ખરીદી કરી શકે છે. જોઈન્ટ હોલ્ડિંગના કિસ્સામાં પ્રથમ અરજદાર ઉપર ૫૦૦ ગ્રામની મર્યાદા લાગુ પડશે. ઘણાં રોકાણકારો રોકાણમાંથી પ્રોફિટ બુક કરવા તેમાં સહભાગી બની રહ્યાં છે ત્યારે ટ્રેડિંગ ખુબજ મહત્ત્વપૂર્ણ છે. ૯મી સપ્ટેમ્બરના રોજ સબસ્ક્રિપ્શન બંધ થયા પછી આરબીઆઈ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ બોન્ડ્સ ઈશ્યૂ કરે તેવી શક્યતા છે. ઈશ્યૂ તારીખ પછી ડિમેટ ક્રેડિટ થશે.

ઉલ્લેખનીય છે કે ગોલ્ડ બોન્ડસ ઈશ્યૂ થયા બાદ એક્સચેન્જ ઉપર લિસ્ટ થતાં હોઈ જે રોકાણકારો વેચાણ કરવાની ઈચ્છા ધરાવતા હોય તેઓ એક્સચેન્જના રજીસ્ટર્ડ ટ્રેડિંગ સભ્ય મારફતે તેમની હોલ્ડિંગ વેચી શકે છે. આ કિસ્સામાં રોકાણકાર એસજીબી માર્કેટમાંથી બહાર થઈ જશે. જો કે, બોન્ડ સક્રિય જ રહેશે અને નવા ખરીદદાર તેના માલીક બનશે તેમજ નવો ખરીદદાર વ્યાજની ચૂકવણી જેવા લાભો મેળવતો થઈ જશે. અન્ય વિકલ્પ પાંચ વર્ષ સુધી રાહ જોવાનો છે અને તેને ભારત સરકાર પાસેથી રિડિમ કરાવવાનું રહેશે, નહીંતર બોન્ડ આઠ વર્ષ બાદ આપમેળે સમાપ્ત થઈ જશે. રિડમ્પશન પ્રાઈઝ આઈબીજેએ દ્વારા પ્રકાશિત કરાયેલા ૯૯૯ શુદ્ધ સોનાના પાછલા સપ્તાહના (સોમવારથી શુક્રવાર) સરેરાશ બંધ ભાવ પ્રમાણે રહેશે. આ બોન્ડમાં રોકાણથી વેરાના મોરચે પણ ફાયદો થાય છે. બોન્ડના વ્યાજ ઉપર ટીડીએસ લાગુ પડતો નથી. જો પાકતી મુદત પહેલા બોન્ડને ટ્રાન્સફર કરવામાં આવે તો ઈન્ડેક્સેશન લાભો ઉપલબ્ધ છે. ત્રણ વર્ષ બાદ લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ લાગુ પડે છે. જો કે, રિડમ્પશન ઉપર કોઈપણ કેપિટલ ગેઈન ટેક્સ લાદવામાં આવતો નથી.